ગુજરાત પ્રદેશ ભાજપા

તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૬

-------

ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત આવતીકાલે ૨૭ ઓક્ટોબર, મંગળવારે સાંજે ૪.૩૦ કલાકે અમદાવાદ અને રાજકોટ ખાતે વિશાળ પદયાત્રા યોજાશે

-------

અમદાવાદ ખાતે યોજાનાર 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રામાં કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડા, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઇ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે

-------

રાજકોટ ખાતે આયોજિત પદયાત્રામાં ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશના સહ પ્રભારી શ્રી અજય મહાવર તથા પ્રદેશ મહામંત્રી શ્રી અનિરૂદ્ધભાઈ દવે ઉપસ્થિત રહેશે

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશની લોકતાંત્રિક અને સંવૈધાનિક સંસ્થાઓ પ્રત્યે જનવિશ્વાસને વધુ મજબૂત બનાવવા તેમજ કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા SIR મુદ્દે ફેલાવવામાં આવી રહેલી ભ્રામક માહિતી અને અરાજકતાને તથ્યો સાથે ઉજાગર કરવાના ઉદ્દેશથી શરૂ કરાયેલ ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત આવતીકાલે ૨૭ ઓક્ટોબર, મંગળવારે સાંજે ૪.૩૦ કલાકે અમદાવાદ અને રાજકોટ ખાતે વિશાળ પદયાત્રા યોજાશે.

અમદાવાદ ખાતે વ્યાસવાડી ચાર રસ્તા, નવા વાડજ સ્થિત ભગવાન પરશુરામની પ્રતિમા પાસેથી પ્રસ્થાન થનારી 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રામાં કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડા, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.

રાજકોટ ખાતે બહુમાળી ભવન પાસે સ્થિત સરદાર પટેલની પ્રતિમા પાસેથી શરૂ થનારી પદયાત્રામાં ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશના સહ પ્રભારી શ્રી અજય મહાવર તથા પ્રદેશ મહામંત્રી શ્રી અનિરૂદ્ધભાઈ દવે ઉપસ્થિત રહેશે.

આ પદયાત્રામાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના જિલ્લા પદાધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ, વિવિધ સમાજના આગેવાનો, વેપારી એસોસિયેશનના પ્રતિનિધિઓ, મહિલાઓ, એનજીઓના પ્રતિનિધિઓ અને પ્રબુદ્ધ નાગરિકો સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત